વડીલોને વંદન અભિનંદન

આજે જન્મદિવસ

જયશંકર વણારસી સુથાર
(૧૯૩૬) ફોન: ૨૩૨૨૮૧૪૩

બાબુભાઈ પી. ત્રિવેદી
(૧૯૩૪) ફોન: ૨૩૨૮૪૫૪૪

દિનાબેન જયેન્દ્રભાઈ ભટ્ટ
(૧૯૩૯) ફોન: ૨૩૨૨૫૨૫૦

સૌરાષ્ટ્ર લેઉવા પટેલ મિત્ર મંડળ ૨૬મીએ રાસ-ગરબા ઉજવશે

ગાંધીનગર, તા.૨૪

શ્રી સૌરાષ્ટ્ર લેઉવા પટેલ મિત્ર મંડળ, ગાંદીનગર દ્વારા રાસ ગરબા મહોત્સવ-૨૦૧૨ નું તા. ૨૬મી ઓકટોબર ૨૦૧૨ ને શુક્રવારે રાત્રે ૮ કલાકે આયોજન કરવામાં આવ્યું છે.

સૌરાષ્ટ્ર લેઉવા પટેલ મિત્ર મંડળના પ્રમુખ દ્વારા જણાવાયું છે કે, નવરાત્રી પર્વની ઉજવણી દરેક સમાજ અને પ્રદેશમાં વિશિષ્ટ રીતે થાય છે ત્યારે ગાંધીનગરની શ્રદ્ધાળુ તથા આસ્તિક પ્રજા માટે માં અંબાની-જગદંબાની આરાધના કરવા માટે શ્રી સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સેવા સમાજ, સેકટર-૭, ગાંધીનગર ખાતે તા. ૨૬મી ઓકટોબરને રાત્રે ૮ કલાકે રાસ-ગરબા મહોત્સવ ઉજવવાનું આયોજન કરવામાં આવ્યું છે. રાસ ગરબા મહોત્સવમાં અબાલ વૃદ્ધ સૌ સાથે મળીને માં અંબાના ગરબે ઘુમવા અને રાસની રમઝટ જમાવવા ભારતીય ભાતીગળ ટ્રેડીશનલ ડ્રેસમાં સહ પરિવાર પધારે તેવું ખાસ નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે. તેમણે ખાસ એ પણ જણાવ્યું છે કે વિક્રમ સંવત ૨૦૬૯ના નૂતન વર્ષનું સ્નેહ મિલન તા. ૧૪મી નવેમ્બર ૨૦૧૨ ને બુધવારના રોજ સવારે ૯ થી ૧૦ સુધી સમાજ ભવન ખાતે યોજાશે.

નવરાત્રી-દશેરા પુર્ણ થતાં હવે દિવાળીનું કાઉન્ટ ડાઉન શરૂ

દિવાળીની રજાઓમાં હરવા-ફરવા જવાના પ્લાનીંગ થવા માંડયા : નવી ખરીદીનો પ્રારંભ થયો

ગાંધીનગર, તા.૨૪

ઉત્સવોનું પ્રથમ ચરણ નવરાત્રી-દશેરા પુર્ણ થતા પુર્ણ થયું છે હવે દિવાળીનું કાઉન્ટ ડાઉન શરૂ થઈ ગયું છે.

ગુજરાતમાં નવરાત્રીની ઉજવણીની તુરંત પછી દિવાળીનો માહોલ છવાય છે. આજે નવરાત્રી અને દશેરાની ઉજવણી પૂર્ણ થતા દિવાળીની તૈયારીઓ શરૂ થઈ ચુકી છે. દિવાળીને હવે થોડાક જ દિવસો બાકી હોઈ વેપારીએ દુકાનોમાં નવો માલ ઠાલવવાનો શરૂ કર્યો છે. શહેરના મુખ્ય બજારો હવે દિવાળી સુધી તમામ દિવસો સુધી ચાલુ રહેશે. મોડી રાત સુધી ઘરાકી જામશે.

નોકરીયાત વર્ગે હરવા ફરવા જવાનું પ્લાનીંગ અત્યારથી જ કરવા માંડયુ છે. દિવાળી વેકેશનની ટીકીટો અને ટુરનું બુકીંગ અત્યારે જ થઈ જતું હોવાથી વસાહતીઓ તેની તૈયારીમાં લાગી ગયા છે.

દશેરાએ વાહન અથવા કોઈ નવી ચીજવસ્તુની ખરીદી કરી ગૃહિણીઓએ ખરીદીનો પ્રારંભ કર્યો છે. સાફસફાઈથી માંડીને આ વર્ષે દિવાળીએ ઘરનું ઈન્ટીરીયર કેવું રહેશે તેની ચર્ચાઓ શરૂ થઈ ચુકી છે. મંદીનો માહોલ હોવા છતાં આ વર્ષે દિવાળીનો ઉત્સાહ જળવાઈ રહ્યો છે.

દરોડા પાડવા ગયેલી પોલીસને ફાર્મ હાઉસમાં સટોડીયા ન મળતા તોડફોડ કરી

કાર, લેપટોપ તથા ટીવી સહિત ૭.૩૬ લાખનો મુદ્દામાલ જપ્ત : ફાર્મ હાઉસમાંથી પોલીસ તકીયા-ગાદલા પણ લઈ ગઈ હોવાની ઉચ્ચ કક્ષાએ રજુઆત

ગાંધીનગર, તા. ૨૪

કલોલ નજીક આવેલા મુબાકપુર ગામની સીમમાં સ્થિત કે.સી. પટેલ ફાર્મ હાઉસમાં ક્રિકેટ મેચ પર સટ્ટો રમાડાતો હોવાની બાતમીને આધારે પોલીસે દરોડો પાડ્યો હતો. જો કે ફાર્મહાઉસમંથી કોઈ સટોડીયા ન મળતા કોઈ કારણે પોલીસે તોડફોડ કરીને લેપટોપ, ટીવી તથા કાર સહિત ૭.૩૬ લાખનો મુદ્દામાલ જપ્ત કરી સટ્ટાનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. આ અંગે કે.સી. પટેલ ફાર્મહાઉસના માલીકના પત્નિએ રેન્જ આઈ.જી. તથા એસ.પી. સમક્ષ રજુઆત કરી હતી કે કોઈ ન મળતા પોલીસ તોડફઓડ કરીને ગાદલા-તકીયા પણ લઈ ગઈ હતી. આ સંદર્ભે તટસ્થ તપાસ શરૂ કરવામાં આવી છે.

કલોલ તાલુકાના મુબારકપુરા ગામની સીમમાં આવેલા કે.સી. પટેલ ફાર્મ હાઉસમાં ક્રિકેટનો સટ્ટો રમાડાઈ રહ્યો હોવાની બાતમીને આધારે ગાંધીનગર એલ.સી.બી.ની ટીમે દરોડો પાડી રૂ. ૭.૩૬ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. જો કે આ સટ્ટા દરમ્યાન ફાર્મહાઉસમાંથી કોઈ સટ્ટોડીયો મળી આવ્યો ન હતો. સાઉથ આફ્રિકા ખાતે રમાઈ રહેલી ચેમ્પિયન લીગ ટ્વેન્ટી ટ્વેન્ટીની યાર્ક અને ઓકલેન્ડ વચ્ચેની મેચ પર ફાર્મહાઉસના રૂમમાં સટ્ટો રમાતો હોવાની બાતમી મળતા એલ.સી.બી. અને કલોલ તાલુકા પોલીસે સંયુક્ત ઓપરેશન કરીને દરોડો પાડ્યો હતો. પોલીસ સ્થળ પરથી લેપટોપ, ૪ નંગ મોબાઈલ, ચાર્જર, બોર્ડ, બે રીમોટ ટેવી સેટઅપ બોક્સ અને કાર મળીનેરૂ. ૭.૩૬ લાખનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી કરી છે. આ કેસમાં કમલેશ ઉર્ફે કે.સી. પટેલને વોન્ટેડ જાહેર કરી શોધખોળ શરૂ કરી છે. તો બીજી તરફ કે.સી. પટેલની પત્નિ રેણુકાબેને રેન્જ આઈ.જી. અને એસ.પી. સમક્ષ રજુઆત કરી છે કે પોલીસે ફાર્મહાઉસમાં પાર્ક કરેલી કારનું બોનેટ તોડી નાંખી આરોપીઓ નહી મળતા તોડફોડ કરી મુકી હતી અને ગાદલા-તકીયા જે હાથમાં આવ્યુ તેને ઉપાડીને લઈ ગયા હતા. જે રજુઆતને આધારે ઉચ્ચ કક્ષાએથી પણ તપાસ શરૂ કરવામાં આવી છે.

(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

પાલનપુરમાં નવરાત્રી પર્વ આનંદ અને ઉલ્લાસ સાથે મનાવ્યા બાદ દશેરાના દિવસે શહેરીજનોએ સેંકડોની સંખ્યામાં વિજયયાત્રા કાઢીને પાપના પ્રતિક સમાન રાવણના પૂતળાનું દહન જયઘોષ સાથે કરીને તમામ વિકારો અને પાપને તિલાંજલિ આપવા પ્રયાસ કર્યા હતો.

મતદાન મથક નજીક અથવા ધાર્મિક સ્થળો, હોસ્પિટલ/શૈક્ષણિક સંકુલ નજીક પ્રચાર ચૂંટણીલક્ષી કામગીરીનાં કાર્યાલય શરૂ કરી શકાશે નહીં

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લા મહેસુલી વિસ્તારમાં સમાવિષ્ટ વિધાનસભા મતદાર વિભાગની સામાન્ય ચૂંટણી ૨૦૧૨, તા.૧૭-૧૨-૨૦૧૨ રોજ યોજાનાર છે. ભારતીય નિર્વાચન આયોગ, નવી દિલ્હીની સુચના અનુસાર ચૂંટણીમાં ઉમેદવારી કરનાર ઉમેદવારો તથા રાજકીય પક્ષો દ્વારા તેમના પ્રચાર કાર્ય તથા ચુંટણીલક્ષી કામગીરી માટે હંગામી ધોરણે કચેરીઓ / કાર્યાલય શરૂ કરવામાં આવે છે અને તે દ્વારા સ્થાનિક પ્રચાર તથા ચૂંટણીલક્ષી કામગીરી કરવામાં આવે છે. જેમાં ચૂંટણીના મુક્ત, ન્યાયી અને સરળ સંચાલન માટે તથા કાયદો વ્યવસ્થાની જાળવણી સુનિશ્ચિત કરવા જાહેર શાંતિ અને સલામતી જળવાઈ રહે તે માટે મતદાન મથકની નજીક અથવા ધાર્મિક સ્થળો અથવા હોસ્પિટલ/ શૈક્ષણિક સંકુલોની નજીક આવા કાર્યાલયો/ કચેરીઓ શરૂ કરવા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, ગાંધીનગર દ્વારા પ્રતિબંધ ફરમાવવામાં આવેલ છે.

(૧) ભારતના ચૂંટણી પંચની પ્રવર્તમાન સૂચના મુજબ નક્કી થયેલ આચર સંહિતાનો તથા સુચનાઓનો અમલ ચુસ્તપણે થાય તે ઉદેશથી કોઈપણ રાજકીય પક્ષ કે ચૂંટણીના ઉમેદવારે ચૂંટણી પંચ દ્વારા નક્કી કરવામાં આવેલ મતદાન મથકના સ્થળથી ૨૦૦ મીટરની અંદર ચૂંટણી પ્રચાર તથા ચુંટણીલક્ષી કામગીરી સારું કોઈ કાર્યાલય/કચેરી કાર્યરત કરી શકશે નહીં. (૨) આવું કાર્યાલય કે કચેરી કોઈ ધાર્મિક સ્થળમાં અથવા ધાર્મિક સ્થળ આવેલ હોય તેવા કેમ્પસ/ કમ્પાઉન્ડમાં કરી શકાશે નહીં. (૩) આવી કચેરી/કાર્યાલય શૈક્ષણિક સંસ્થા કે હોસ્પિટલની બાજુમાં કાર્યરત કરી શકશે નહીં.

આ હુકમ સમગ્ર ગાંધીનગર જિલ્લાના મહેસુલી વિસ્તારને લાગુ પડશે. આ જાહેરનામા/હુકમનો અમલ તા. ૨૬-૧૦-૨૦૧૨થી ગાંધીનગર જિલ્લાના મહેસુલી વિસ્તારમાં સમાવિષ્ટ તમામ વિધાનસભાના મતદાર વિભાગની સામાન્ય ચૂંટણી-૨૦૧૨ ચૂંટણીની પ્રક્રિયા પુરી થાય ત્યાં સુધી એટલે તા. ૨૪-૧૨-૨૦૧૨ સુધી અમલમાં રહેશે. આ હુકમનો ભંગ કરનાર ઈસમ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

ઈંટ ઉત્પાદકોનું આજે મહાસંમેલન

કેન્દ્રમાંથી પર્યાવરણ મંજૂરી નિયમથી ઉદ્યોગ મુશ્કેલીમાં

અમદાવાદ, તા. ૨૪

ગુજરાત બ્રિક્સ મેન્યુ ફેક્ચરર્સ ફેડરેશન દ્વારા ઈંટ ઉત્પાદકોના પ્રાણ પ્રશ્નો અંગે આવતીકાલ તા. ૨૫મી ઓક્ટોબરને ગુરુવારે પ્રેક્ષા ભારતી ધ્યાન કેન્દ્ર કોબા હાઈવે ગાંધીનગરમાં મહાઅધિવેશન યોજાશે.

આ મહા અધિવેશનમાં નાના ઈંટ ઉત્પાદકોએ કેન્દ્ર સરકારમાંથી પર્યાવરણ કલીયરન્સ સર્ટી.મેળવવું ફરજિયાત બનાવાતા એનાથી ઊભા થયેલા પ્રશ્નો, તથા રોયલ્ટીનો પ્રશ્ન વગેરે બાબતે ચર્ચા કરવામાં આવશે. ગુજરાત બ્રિક્સ મેન્યુ. ફેક્ચરર્સ ફેડરેશનના પ્રમુખ દેવેન્દ્રભાઈ એન. પ્રજાપતિએ માહિતી આપતા જણાવ્યું હતું કે તા. ૨૭.૨.૧૨ના સુપ્રીમ કોર્ટના જજમેન્ટ મુજબ માઈનર મીનરલ (જેમાં ઈંટ માટીનો સમાવેશ થાય છે) ની પાંચ હેક્ટરથી ઓછા એરિયાની લીઝ જે તે રાજ્ય સરકારના માઈનીંગ વિભાગ દ્વારા મંજૂર કરતા પહેલા લીઝ લેવા તથા માઈનીંગ કરવા માટે કેન્દ્ર સરકારમાંથી એન્વાયર કલીયરન્સ મેળવવું ફરજિયાત બનાવ્યું છે. પર્યાવરણ કલીયરન્સ સર્ટી. મેળવવાની કાર્યવાહી ખૂબ જ અઘરી અને અશક્ય છે. અને આ નિયમથી નાના ઈંટ ઉત્પાદકો મુશ્કેલીમાં મૂકાયા છે. ગુજરાતમાં ૧૬૦૦ જેટલા ચીમની ભઠ્ઠા અને ૨૦,૦૦૦ જેટલાં ઈંટોના નાના ઉત્પાદકો છે. અને વર્ષે રૂપિયા ૫૦૦૦ કરોડનું ટર્નઓવર થાય છે. અને રાજ્ય સૌથી વધુ રોજગારી આપતો ઈંટ ઉદ્યોગ છે. ઈંટ ઉદ્યોગ બંધ થાય તો રાજ્યનો બાંધકામ ઉદ્યોગ પણ ઠપ્પ થઈ જાય તેમ છે. આ સંદર્ભે કેન્દ્ર સરકારમાં રજુઆત માટેના પ્રયાસો કર્યા છે. આ ઉપરાંત ગુજરાત સરકારે પાંચ લાખ સુધીના ઈંટના ઉત્પાદકો માટે રોયલ્ટી ભરવામાંથી માફી આપી છે તેમ છતાંયે નવી સીઝનના રજિસ્ટ્રેશન કરવામાં આવતા નથી. જિલ્લા કક્ષાના ભૂતરશાસ્ત્રી દ્વારા નોટીફિકેશનનું ખોટું અર્થઘટન કરવામાં આવી રહ્યું છે. તેમ જ જૂના ખોદકામ કરાયેલા વિસ્તારની માપણી કરીને મોટો દંડ આકારવાની કાર્યવાહી કરવામાં આવે છે. આ ઉપરાંત નવી તથા જૂની શરતોની જમીનમાંથી ઈંટો બનાવવા એન એ પરમીશન ઈશ્યુ કરાતી નથી. આ તમામ પ્રશ્નોની ચર્ચા કરાશે.

ભરૂચમાં સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો

આંતરિક વિખવાદના કારણે જ કોંગ્રેસ હારે છે : અહેમદ પટેલ

વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસના કાર્યકરો મતભેદ ભૂલી સંપી કાર્ય કરશે તો કોઇ તાકાત કોંગ્રેસને હરાવી નહીં શકે

ગાંધીનગર, તા. ૨૪

ગુજરાત વિધાનસભાની ચૂંટણી જાહેર થઈ ગઇ છે ત્યારે કોંગ્રેસના તમામ કાર્યકરો અને આગેવાનોએ સંપીને કામ કરવાનો સમય છે. કોંગ્રેસમાં આંતરિક વિખવાદ કોંગ્રેસને હરાવે છે. જો આપણે એક બની કામ કરીશું તો કોઈની તાકાત નથી કે કોંગ્રેસને હરાવી શકે તેમ કોંગ્રેસના અધ્યક્ષા સોનિયા ગાંધીના રાજકીય સચિવ અહેમદભાઈ પટેલે આજે ભરૂચમાં જિલ્લા કોંગ્રેસ ચૂંટણી કાર્યાલયનું ઉદઘાટન બાદ યોજાયેલા સ્નેહમિલન કાર્યક્રમમાં કાર્યકરોને જણાવ્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, હાલનો સમય બધાએ એક સંપથી કાર્ય કરવાનો છે. લડવા કે ઝઘડવાનો આ સમય નથી. કોંગ્રેસને સત્તામાં લાવવાની ફરજ તમામ કાર્યકરોની પણ છે. અને કાર્યકરોએ કોંગ્રેસને સત્તા પર લાવવા તનતોડ મહેનત કરવી પડશે. કોંગ્રેસના આંતરિક વિખવાદ કોંગ્રેસને હરાવે છે, જો કોંગ્રેસના કાર્યકરો મતભેદો ભૂલીને કાર્ય કરશે તો કોઈની તાકાત નથી કે કોંગ્રેસને હરાવી શકે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે અહેમદભાઈ પટેલ ઈદ સુધી ભરૂચમાં રોકાવાના છે. આવતીકાલે પ્રદેશ કોંગ્રેસના અગ્રણીઓ અહેમદભાઈને ઈદની શુભેચ્છા આપવા માટે ભરૂચ જવાના છે.

મોડેલ હોસ્પિટલ બનાવવા

● અનુસંધાન પહેલાનું ચાલુ

મેળવનાર તરીકેનું ગૌરવ પ્રાપ્ત કરનાર ગાંધીનગર સિવિલ હોસ્પિટલને મોડેલ હોસ્પિટલ તરીકે વિકસાવવા માટે તંત્રએ નિર્ણય લઈ લીધો છે. ગાંધીનગર એ રાજ્યનું પાટનગર છે અને અહિ સારી આરોગ્ય સેવાઓ ઉપલસબ્ધ બને તે હેતુને નજર સમક્ષ રાખી તંત્ર આગળ વધી રહ્યુ છે.

એક તબક્કે રાજ્ય સરકારે સિવિલ હોસ્પિટલનું સંચાલન સુચારૂ રીતે થાય તે માટે વ્યવસ્થાપક મંડળની રચના કરવાનો નિર્ણય પણ લીધો હતો. આ પછી ગાંધીનગર મેડીકલ કોલેજ બનતાં હવે સરકારે આ દિશામાં યુટર્ન કરી અને મોડેલ હોસ્પિટલના નિર્માણમાં આગળ વધવાનો નિર્ણય કર્યો છે.

આરોગ્ય તંત્રના સૂત્રો પાસેથી પ્રાપ્ત થતી વિગતો મુજબ ગાંધીનગર નજીક કોલવડા ખાતે મોડેલ આયુર્વેદ કોલેજ અને હોસ્પિટલ બનતાં પાટનગરમાં પણ મોડેલ મેડીકલ કોલેજ અને હોસ્પિટલની સેવાઓ ઉપલબ્ધ બને તે માટે તંત્ર ગંભીર બન્યું છે.

એ.ના.આર.એ.ચ.એ.મ. અંતર્ગત કેન્દ્રની ભરપૂર સહાયનો સીધો લાભ ગાંધીનગર સિવિલ હોસ્પિટલને ઉપલબ્ધ બને તેમજ આ હોસ્પિટલ એન.એ.બી.એચ.નું પ્રમાણપત્ર ધરાવતી હોવાથી તે ઝડપથી સાકાર થઈ શકે તેવું સ્પષ્ટ તારણ આરોગ્યતંત્ર ધરાવી રહ્યું છે.

ગાંધીનગરમાં આરોગ્ય વિષયક સેવાઓ જે હાલ સિમીત છે તેનું સઘનીકરણ કરવાની સાથે સાથે નવા વિભાગો શરૂ કરવા માટેનું આયોજન પણ થઈ ગયું હોવાનું તંત્રના આ સૂત્રોએ જણાવ્યું છે.

મેડીકલ કોલેજના વિકાસની સાથે સાથે હોસ્પિટલની સેવાઓના વિકાસની દિશામાં આગળ વધવામાં આવશે. મળતી વિગતો પ્રમાણે એન.એ.બી.એચ.ના ઈન્સ્પેકશન માટે આવેલી ટીમે જે ત્રુટીઓ શોધી રજુ કરી હતી તેને કમ્પાઈલ કરવાની કાર્યવાહી પણ વેગીલી બનાવી દેવામાં આવી છે. આ માસના અંત સુધીમાં તે ત્રુટીઓ દૂર કરાયા અંગેનો અહેવાલ પણ મોકલી આપવાની તૈયારીઓ તંત્ર કરી રહ્યું છે.

મળતી વિગતો મુજબ આ ત્રુટીઓનો અહેવાલ સી.ડી. તેમજ પાવર પોઈંટ પ્રેઝન્ટેશન દ્વારા દૂર કરવામાંઆવી છે તેમ રજુ કરાશે એટલુ જ નહિ આ પછી તુરત જ પુ: એન.એ.બી.એચ. માટે ટીમ આવે તો કોઈ પણ પ્રકારની કચાશ ના રહેતેની કાળજી પણ તંત્ર દ્વારા લેવામાં આવી રહી છે.

હોસ્પિટલને આગામી એક વર્ષમાં મોડેલ હોસ્પિટલ તરીકે વિકસાવવા માટેનું આયોજન પણ આખરી કરી દેવામાં આવ્યું હોવાનું આ સૂત્રોએ જણાવ્યું છે અને આ અંગેની સંપૂર્ણ જવાબદારી એન.આર.એચ.એમ. ડાયરેક્ટર શ્રી માંકડને સુપ્રત કરવામાં આવી હોવાનું સૂત્રોએ જણાવ્યું છે.

પાટણમાં કાઈમબ્રાંચ દ્વારા વધુ તપાસ જારી

પાલનપુર, તા.૨૪

પાટણ જિલ્લાના એક ગામમાં બંદૂક બનાવતી યુનિટનો પર્દાફાશ કરવામાં આવ્યા બાદ આ મામલામાં પોલીસની તપાસ હજુ પણ જારી છે. પોલીસે અતિ આધુનિક બંદૂક અને પિસ્તોલ બનાવવા માટે ઉપયોગ કરવામાં આવતી ચીજવસ્તુ કબજે કરી લેવામાં આવી છે. લોકલ ક્રાઈમબ્રાંચે બાતમીના આધારે આ ફેક્ટરીનો પર્દાફાશ કરી લીધો હતો. જિલ્લાના સાંતલપુર તાલુકામાં લોતરા ગામમાં ગુપ્ત જગ્યાએ બંદુકો અને પિસ્તોલ બનાવવાનું નેટવર્ક ચાલુ રહ્યુ હતું. અગાઉ ધરપકડ કરવામાં આવેલા એક શખ્સ દ્વારા બાતમી આપવામાં આવી હતી. થોડાક દિવસ અગાઉ કચ્છમાં રાપર તાલુકાના ધીરજ પંચાલની ધરપકડ કરવામાં આવી હતી.

વેપારીઓને રડાવ્યા.. ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ફરતી વખતે ઘ-૨, સે. ૭ સહીત વિવિધ શોપીંગમાં ફાફડા જલેબી માટે ઉભા રહ્યા તો ના છુટકે વેપારીઓએ તેમને પાછા કાઢવા પડ્યા હતા. તે અરસામાં પણ સે. ૭ પોલીસ ત્રાટકી હતી અને ખેલૈયાઓ અને વેપારીઓ પર પણ લાઠીચાર્જ શરૂ કરી દીધો હતો. આરોપીઓ કે રીઢા ગુનેગારો પર ધાક જમાવવામાં નિષ્ફળ નિવડેલી પોલીસ હવે નિર્દોષ પ્રજા પર અને વેપારીઓ પર ત્રાટકી જતાં રોષની લાગણી ફેલાઈ છે. આ પોલીસ વિરૂદ્ધ કાયદેસરના પગલા લેવાય તેવી માંગ ઉઠવા પામી છે. ઉલ્લેખનીય છે કે વહેલી સવારે પોતાની ફરસાણની દુકાનો ખોલવા આવેલા વેપારીઓને પણ પોલીસે ધમકાવીને દુકાનો બંધ કરાવી દેવામાં છોડ્યા ન હતા.

ચોરોનો તમાચો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સેક્ટર-૭ પોલીસમથકની હદ વિસ્તારમાંથી ૨૪ કલાકમાં ચોરી અને ઘરફોડના ચાર કિસ્સાઓ બનવા પામ્યા છે. જેમાં સેક્ટર-૧૨ બી પ્લોટ નં. ૪૪૦/૨ માં રહેતા આઈ.બી.ના ઓફીસર ગોવિંદભાઈ અરજણભાઈ દેસાઈ ગઈકાલે પોણા નવ વાગ્યે ઘરે જમવા આવ્યા ત્યારે તેમના ઘર આંગણેથી બાઈક ચોરો સરકારી બાઈક નં. જીજે-૧૮-જી-૭૩૪૩ની ઉઠાંતરી કરી ફરાર થઈ ગયા હતા. સરકારી બાઈક હોવાને કારણે આ ફરીયાદ સે. ૭ પોલીસે નોંધી લીધી છે. તે સિવાય સે. ૧૨ બી પ્લોટ નં. ૭૯૧/૨ માં પણ ઘરફોડીયાઓ બિન્દાસ્તપણે તાળા તોડીને ઘુસ્યા હતા અને પોલીસની પેટ્રોલીંગ સ્કીમની એસી કી તેસી કરીને છગનભાઈ માલાભાઈ વસાવાના ઘરમાંથી ૨૮ હજારની મત્તાની ચોરી કરી ઘરફોડીયા નીકળીગયા હતા. તે ઉપરાંત સે. ૪ માં ધોળા દિવસે ઘરફોડીયા ઘરફોડ ચોરી કરવામાં સફળ રહેતા સે. ૭ પોલીસની ગુનેગારો પ્રત્યેની ધાક છતી થઈ જવા પામી છે. ધોળે દિવસે સે. ૪ માંથી મકાનનું તાળુ તોડીને આખેઆખુ ટીવી તથા ચાંદીના સિક્કાઓની ઘરફોડ કરી તસ્કરો આરામથી ચાલ્યા ગયા હતા. પોલીસનો ડર જ ન હોય તે ઘરફોડીયા સે. ૭-ડીમાં પણ ઘરફોડ કરવા આવ્યા હતા. પરંતુ ઈન્ટરલોક ન તુટતા ઘરફોડ પ્રયાસ રહ્યો હતો. પ્રજા પર રોફ જાડતી સે. ૭ પોલીસ ગુનાખોરી ડામવાનો પ્રયત્ન શરૂ કરે તો કદાચ એક જ દિવસે આટઆટલી ચોરી-ઘરફોડ ન થાય !!

ગુજરાત આવશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

આપવામાં આવે તેવી માગણી કરવામાં આવશે. અને આ સંદર્ભે મુખ્ય ચૂંટણી કમિશનર દ્વારા કોઈ નિર્ણય લેવામાં આવે તેવી શક્યતા છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે વિધાનસભાની ચૂંટણી જાહેર થયા બાદ રાજ્ય સરકારના કેટલાક અધિકારીઓ ભાજપ તરફી કામ કરતા હોવાની કોંગ્રેસે રાજ્ય ચૂંટણી પંચને અગાઉ રજુઆત કરી હતી. પણ જે અધિકારીઓ સામે ફરિયાદ કરીને તે અધિકારીઓની હજુ સુધી બદલીઓ કરવામાં આવી નથી. આ સંદર્ભે કોંગ્રેસ દ્વારા મુખ્ય ચૂંટણી કમિશનરને રજુઆત કરવામાં આવશે.

ટચૂકડી જાહેર ખબર

બંગલો વેચવાનો છે

૧૨૦૬/૨, સેક્ટર-૭ડી, ચૌધરી ગર્લ્સ હાઈસ્કૂલની સામે, એસ.ટી. ડેપોની બાજુમાં, ગાંધીનગર.
મો. : ૯૯૦૯૦ ૨૦૨૦૫

મકાન વેચવાનું છે

પ્લોટ નં. ૬૦૭, સેક્ટર-૨૨, ચ-૬ સર્કલ પાસે, રોડ ટચ, ૪૬૮ ચો.મી.
(દલાલ માફ)
સંપર્ક :
મો. : ૯૯૦૯૯૨૫૫૬૧
મો. : ૯૮૨૫૦૬૮૧૩૪
સમય : સવારે ૮ થી ૧૧, સાંજે ૬ થી ૯

શબ્દાવલી - ૪૮૮૧



આડી ચાવી

૧. સગવડ, સુવિધા (૪)
૪. આશ્ચર્ય કારક (૩)
૭. એક કઠોર (૨)
૮. એક ધાતુ (૩)
૯. મગ્ન, એકાગ્ર (૪)
૧૧. એક તરત સળગી ઉઠે તેવો પદાર્થ (૨)
૧૨. સુંદર સ્ત્રી (૩)
૧૪. ઘણું, વધારે (૨)
૧૫. પડદો, આડશ (૪)
૧૬. તલની એક બનાવટ (૩)
૧૭. મર્યાદામાં સ્પેશિયલ ગુંદર વગેરે નાખી પાક બનાવે તે (૩)
૧૯. શિયાળામાં સ્પેશિયલ ગુંદર વગેરે નાખી પાક બનાવે તે (૩)
૨૧. પથિક, વટેમાર્ગુ (૨)
૨૩. ... મારવી, ગપ્પા (૨)
૨૪. પવન, વાયુ (૧)
૨૫. સ્હેજ, થોડુંક (૩)

ઊભી ચાવી

૧. પ્રશ્ન (૩)
૨. તીવ્ર ઉત્કંઠા (૫)
૩. મગ્ન (૩)
૪. માધુરીની મોટા બેનરવાળી એક ફિલ્મ (૫)
૫. ગમે તેટલું કરો તોય... ના માથે જૂતા (૨)
૬. બગલા જેવું એક પંખી (૩)
૧૦. માથામાં પડે (૨)
૧૨. પૈસા (૪)
૧૩. લગ્ન, મેરેજ (૩)
૧૪. વગ, ઓળખાણ (૪)
૧૫. એક ધાન્ય (૨)
૧૬. રેતી (૨)
૧૮. ચમક..., દમકાટ (૩)
૨૦. નાગ, સર્પ (૨)
૨૨. બીજ અને ચોથની વચ્ચેની તિથિ (૨)

શબ્દાવલી ૪૮૮૦ના જવાબ

આડી ચાવી :- (૧) પ્રત્યક્ષ (૩) યોજના (૬) અનિમેસ (૭) યામીની (૯) લોપ (૧૦) વાંચનાલય (૧૨) જનારો (૧૩) યાર (૧૫) પાણી (૧૬) ગતિવિધિ (૧૮) કિનારી (૨૦) પારા (૨૧) લકી (૨૨) રમા (૨૩) કણ

ઊભી ચાવી :- (૧) પ્રગતિ (૨) ક્ષમાયાચના (૩) યોનિ (૪) જમેલો (૫) નાસપતિ (૬) અનીલ (૮) મીનારો (૧૦) વાંજણી (૧૧) યયાતિ (૧૪) રવિ પાક (૧૫) પાયલ (૧૬) ગરીમા (૧૭) ધીરાણ (૧૯) નાર